‘‘परिषद् का प्रत्येक कार्य भी भगवद्सेवा है’’

प्रथम पीठाधीश्वर
पू.पा.गो. रणछोड़ाचार्यजी ‘‘प्रथमेश’’

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ભરૂચ

દ્વારા પ્રકાશિત

શ્રી ગુસાંઈજી પ્રગટ્યા ન હોત તો ?

:: લેખક ::

ડૉ. પીયૂષ પરીખ

પ્રકાશક :
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, ભરૂચ.
શ્રી ગોર્ધનનાથજીની હવેલી
૧૬-૧૭, ભૃગુપુર સોસાયટી,
ભરૂચ, ગુજરાત.

લેખન તથા સંકલન : ડૉ. પીયૂષ પરીખ

પ્રથમ આવૃત્તિ : તા. ૧૧-૧૨-૨૦૧૧

પ્રત : ૫૦૦

ન્યોછાવર : રૂા. ૫/- + પોસ્ટેજ ખર્ચ

પુસ્તક પ્રાપ્તિ સ્થાન :

(૧) આં. પુ. વૈ. પ. ભરૂચ
શ્રી ગોવર્ધનનાથજીની હવેલી
૧૬-૧૭, ભૃગુપુર સોસાયટી,
ભરૂચ, ગુજરાત.

(૨) શ્રી મહાપ્રભુજીની બેઠક
જિલ્લા પંચાયત પાછળ,
સ્ટેશન રોડ, ભરૂચ.

મુદ્રક : શ્રીજી ગ્રાફીક્સ
પ્રો. રાકેશ આર. મસાણી
એ-૧/૩, પટેલ સુપર માર્કેટ,
સ્ટેશન રોડ, ભરૂચ-૩૯૨ ૦૦૧
ફોન : ૯૬૬૨૦૨૧૯૭૩

''परिषद् का प्रत्येक कार्य भी भगवद्सेवा है''

प्रथम पीठाधीश्वर
पू.पा.गो. रणछोड़ाचार्यजी ''प्रथमेश''

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ભરૂચ

દ્વારા પ્રકાશિત

શ્રી ગુસાંઈજી પ્રગટ્યા ન હોત તો ?

:: લેખક ::

ડૉ. પીયૂષ પરીખ

શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણો

શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણોના નેતૃત્વમાં પુષ્ટિમાર્ગ રૂપી સૂર્ય મધ્યાહ્ને પ્રકાશતો હતો. આપશ્રીના સ્વરૂપ, ગુણ, નામ અને લીલાને સમજવાનું, ગાવાનું અને રજૂ કરવાનું સામર્થ્ય મારામાં નથી.

મારી અલ્પમતિ પ્રમાણે શ્રી વિઠ્ઠલેશ પ્રભુચરણો એટલે

- નિત્ય લીલામાં શ્રુતિરૂપાના યુથના મુખ્ય સ્વામિનીજી શ્રી ચંદ્રાવલીજી.
- શ્રી ગુસાંઈજી
- શ્રી મહાપ્રભુજી અને શ્રીમહાલક્ષ્મીજીના દ્વિતીય પુત્ર રત્ન.
- શ્રી ગોપીનાથ ચરણોના નાના ભ્રાતા
- ‘હું નંદન તમે તાત’ - પ્રભુ આજ્ઞા પ્રમાણે શ્રીનાથજી સ્વરૂપ.
- ચરણાટ, સંવત ૧૫૭૨, માગસર વદ નવમી, શુક્રવાર તૈતિલ કરણ, ૨૧ ઘડી ૨૫ પલ, હસ્ત નક્ષત્ર, શોભન યોગ અને મધ્યાન સમયના સનાથ કર્તા.

- સ્વામી શ્રી વિઠ્ઠલનાથનું જ નામાભિધાન પામનાર સેવક.
- શ્રી ગંગાજીને ચરણ સ્પર્શ આપનારા.
- છ માસની ઉંમરે શ્રીનાથજીના દર્શન અને ચરણસ્પર્શ કરનાર.
- શ્રીનાથજીના મહાપ્રસાદથી અન્ન પ્રાશન કરનારા.
- ખેલવા માટે શ્રી બાલકૃષ્ણલાલજીના સ્વરૂપને પ્રાપ્ત કરનાર.
- ઘરેલા ઠોરની ખેંચાખેચી કરનાર
- ૮ વર્ષની ઉંમરે કાશીમાં જનોઈ, ગાયત્રીમંત્ર અને બ્રહ્મસંબંધ દીક્ષા પ્રાપ્ત કરનાર.
- શ્રીમહાપ્રભુજી પાસે ચારવેદ, જ્યોતિષ તથા સંજીવની વિદ્યા શીખનાર.
- કાશીમાં માધવસરસ્વતી પાસે અન્ય શાસ્ત્રોનો અભ્યાસ કરનારા.
- શ્રી ભાગવતના દશમ સ્કન્ધનો પાઠ કરીને જ ભોજન કરનારા.
- 'ત્રિવિધ નામાવલી'માં મિષ બનનારા.

- નાની ઉંમરમાં ‘શ્રીયમુનાષ્ટપદી’ સ્તોત્ર ગાનારા.
- ‘વ્રજરાજ વિરાજિત ઘોષ વરે’ સંસ્કૃત ભાષામાં કીર્તન કરનારા.
- શ્રી ગીતાજી પર ચાર ગ્રંથો સંસ્કૃતમાં લખનાર (૧) શ્રી ગીતાજીના પ્રથમ અધ્યાયની ટીકા (૨) શ્રી ગીતા તાત્પર્ય (૩) શ્રી ગીતા હેતુ (૪) ન્યાસાદેશ વિવૃત્તિ.
- વીણાવાદનમાં પારંગત છતાં પ્રભુ સુખ માટે વાદન ત્યજનારા.
- દામોદરદાસ હરસાનીજી પાસેથી નિત્ય અને ઉત્સવોનો સેવા પ્રકાર, ભાવ ભાવના તથા લીલાભાવના શીખનારા.
- કનૈયાશાલ ક્ષત્રિય પાસેથી શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનો અભ્યાસ કરનારા. પ્રાપ્ત કરનારા.
- છ મહિના સુધી ચંદ્રસરોવર ઉપર વિરહમાં બિરાજનારા.
- મોટા ભાઈના બંને બાલ વિધવા પુત્રીઓને પોતાને ત્યાં જ રાખનારા.

- સોળ વર્ષની ઉંમરે કાશીમાં શ્રી રુકમણિજી સાથે લગ્ન કરનારા.
- શ્રીરુકમણિજીના લીલા પ્રવેશ પછી શ્રીપદ્માવતીજી સાથે બીજા લગ્ન કરનાર.
- શ્રી ગિરિધરજી, શ્રીગોવિંદજી, શ્રી બાલકૃષ્ણજી, શ્રી ગોકુલનાથજી, શ્રી રઘુનાથજી, શ્રી યદુનાથજી, શ્રી ઘનશ્યામજી - સાત પુત્રોના પિતા.
- શોભા, યમુના, કમલા અને દેવકા ચાર પુત્રીઓના પિતા
- સતધરા મથુરામાં બિરાજનારા.
- શ્રી ગોકુળમાં વાસ કરનારા.
- શ્રીનાથજીની સેવા માટે ઘોડેસ્વાર થઈ રોજ શ્રીગિરિરાજ પધારનારા.
- છ વાર દ્વારકાયાત્રા નિમિત્તે ગુજરાતનો પ્રવાસ કરનારા.
- પોતાના પ્રભાવ અને ઉપદેશથી જૈન વણિકોને વૈષ્ણવ બનાવનારા.

- ૨૮ પ્રસિદ્ધ બેઠકજીઓમાં આજે પણ બિરાજતા.
- માયાવાદીઓ સાથે શાસ્ત્રચર્ચા કરી તેમને હરાવનારા.
- બ્રહ્મવાદનો ડંકો ભારતમાં વગાડનારા.
- ચાચા હરિવંશજી દ્વારા પુષ્ટિમાર્ગનો ઘણો પ્રચાર કરનારા.
- શ્રીમહાપ્રભુજીએ પ્રગટ કરેલી સેવા પ્રણાલિકાનો વિકાસ કરનારા.
- અષ્ટછાપ કવિમંડળની સ્થાપના કરનારા.
- શ્રીનાથજીનો પુષ્કળ વૈભવ વધારનારા.
- શ્રીગિરિરાજની તળેટીમાં ગોપાલપુરા ગામ વસાવનારા.
- રાજા અકબર દ્વારા ‘ગોસ્વામી’ની પદવી મેળવનારા.
- નાત જાતના ભેદ વગર દરેકને શરણે લેનારા.
- વ્રજભાષાનો વિકાસ કરનારા.
- ‘સહજપ્રીતિ’, ‘દાસ’ વિગેરે ઉપનામોથી કીર્તનો લખનારા.
- વિજ્ઞપ્તિઓના રચયિતા.

- આશરે ૫૦ જેટલા ગ્રંથોના રચયિતા.
- વૈષ્ણવના સોળ લક્ષણો બતાવનારા.
- સિત્તેર વર્ષે મહાવદ સાતમે પૃથ્વી પરથી પ્રયાણ કરનારા.

આવા શ્રી વિઠ્ઠલેશ ભૂતલ પર પ્રકટ થયા ન હોત તો આપણું શું થાત ? !

શ્રી ગુસાંઈજીની એક વધાઈ આના અનુસંધાને બિરાજે છે. તેના ભાવ સાથે અહીં રજૂ કરવાનો એક નમ્ર પ્રયાસ શ્રી ઠાકોરજીએ કરાવ્યો છે.

શ્રી વિઠ્ઠલેશના પ્રાકટય અવસરે આં.રા.પુ.વૈ. પરિષદ ભરૂચ શાખા વતી આપશ્રીના ચરણ કમલોમાં આ વધાઈગાન નિવેદિત કરું છું.

ડૉ. પીયૂષ પરીખના
શ્રીવલ્લભની બિંદુ સૃષ્ટિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ
અને
નાદ સૃષ્ટિને ભગવત્ સ્મરણ

।। શ્રીવલ્લભ ।।

શ્રી ગુસાંઈજી પ્રકટ્યા ન હોત તો ?

શ્રી ગુસાંઈજીની વધાઈ

શ્રીમદ્ વલ્લભ કે ઘર પ્રભુ જો ફિર અવતાર ન ધરતે હો । તો હમ સરિખે મૂઢ પતિત જન કહો કૈસે નિસ્તરતે હો ।।૧।। બિન પાયે વ્રજપતિ પદપંકજ કાકી સેવા કરતે હો । શ્રીગિરિધરન રાધિકાવર બિન રસના કહા ઉચ્ચરતે હો ।।૨।। સિવ સુરેસ દિનમની ગનેશ કે હોય કનોંડે ડરતે હો । અતિ આતુર પુનિ અર્ક તૂલસે સબનકે પાઁચન પરતે હો ।।૩।। તબ હમહૂં લોગનકી ન્યાઈ ઘરઘર ભટકત ફિરતે હો । કર્મ યોગ પુનિ જ્ઞાન ઉપાસન ઈનહી મેં પચ મરતે હો ।।૪।। કહા ભયો નિજ બિરદ જાનકે પતિત જાન ઉધ્ધરતે હો । રુચિર રૂપ બલિ દાસ નારાયન તૃષિત નયન ક્યોં ઠરતે હો ।।૫।।

પ્રથમ અને દ્વિતીય પંક્તિ :

આ પદમાં પુષ્ટિભક્તે પોતાની અલૌકિક મનોવ્યથાઓનું નિરુપણ કર્યું છે. પ્રભુ શ્રી ગુસાંઈજી રૂપે

ફરીથી પ્રકટ ન થયા હોત તો આ વ્યથાઓ દૂર ન થાત તેવું તે દૃઢતાથી માને છે. આત્મા પુત્ર રૂપે જન્મે છે તે રીતે શ્રી વલ્લભનું ફરી પ્રાકટ્ય. નદંનંદનરૂપે પણ ફરી પ્રાકટ્ય.

શ્રી કૃષ્ણચંદ્રજીએ ગીતાજીમાં દૈવ આસુરસંપદ્યોગ કહ્યો છે. આ સોળમાં અધ્યાયમાં શ્રીકૃષ્ણચંદ્રે બે પ્રકારની સૃષ્ટિ કહી છે. તેના લક્ષણો કહ્યા છે. દૈવી સૃષ્ટિ અને આસુરી સૃષ્ટિ. શ્રી મહાપ્રભુજીએ ''પુષ્ટિ પ્રવાહ મર્યાદા'' ગ્રંથમાં આસુરી સૃષ્ટિને પ્રવાહી સૃષ્ટિ કહી. દૈવી સૃષ્ટિને બે પ્રકારની કહી. મર્યાદા અને પુષ્ટિ. આપશ્રીએ આ ત્રણેય સૃષ્ટિના જીવ, દેહ, ક્રિયા, પ્રવાહ અને ફલ દ્વારા ભેદ દર્શાવ્યા છે. આમાં પુષ્ટિ સૃષ્ટિ તો પ્રભુના શ્રીવિગ્રહમાંથી ઉત્પન્ન થઈ છે. પ્રભુએ ખાસ પોતાની સ્વરૂપ સેવા માટે જ આ સૃષ્ટિ રચી છે.

પ્રભુથી વ્યુચ્ચરિત થયા પછી આ પુષ્ટિ જીવોને હજારો વર્ષોનો પ્રભુવિયોગ થયો છે. મર્યાદા માર્ગીય સાધોનથી પુષ્ટિ પ્રભુ નથી મળી શકતા. મર્યાદા માર્ગીય

સાધનો ન કરી શકનારા આ નિ:સાધન જીવો છે. આવા જીવોને બધા આનંદમાં શ્રેષ્ઠ એવો ભજનાનંદ પ્રાપ્ત થાય તે માટે શ્રીવલ્લભે પુષ્ટિમાર્ગ સ્થાપ્યો. શ્રીગુસાંઈજીએ આ માર્ગનો રાગ, ભોગ તથા શૃંગારથી વિસ્તાર કર્યો. શ્રીગુસાંઈજીના સેવકો આ માટે પોતાના ગુરુ તરફ અહોભાવ વ્યક્ત કરે છે. આ પૈકીના નારાયણદાસ પોતાની એલૌકિક ભાવના શ્રીગુસાંઈજી માટે વ્યક્ત કરતા ગાય છે કે સારૂં થયું કે શ્રીમદ્‌વલ્લભના ઘરે શ્રી પ્રભુચરણે (વાસ્તવ રૂપે પણ પ્રભુ) અવતાર લીધો. હું આપશ્રી દ્વારા કૃતાર્થ થયો. શ્રીગુસાંઈજી રૂપે પ્રભુ ફરીથી ન પધારત તો ? આપશ્રી વગર અલૌકિક પુષ્ટિમાર્ગીય આરતિનું હરણ કઈ રીતે થાત ? તે વિચારે જાણે એક ભય અને દર્દનું લખલખું સમગ્ર શરીર અને ચિત્તતંત્રમાંથી પસાર થઈ ગયું હોય તેમ આ કીર્તન જોતાં લાગે છે. જો શ્રીગુસાંઈજી પ્રકટ ન થાત તો મારા જેવા મૂઢ અને પતિતોનો ઉદ્ધાર કેમ થાત ?

કરાલ કલિકાલમાં અવિદ્યાના સંપર્કથી અમારામાં અધ્યાસો આવ્યા છે. અમે સારી અને સાચી વસ્તુનો નિર્ણય

ન કરી શકીએ તેવા મૂઢ થયા. કલિના દોષોના પ્રવેશથી અમારા આચરણોએ અમને પતિત કર્યા. ગતાર્થ કર્યા. અમારું શ્રેય કયું ? તેની અમને ખબર નહોતી. શ્રેય પ્રાપ્તિની રીત અમે જાણતા ન હતા. શ્રી ભાગવતના પ્રથમ સ્કન્ધના પ્રથમ પ્રશ્નાધ્યાયમાં પણ ઋષિઓ એકાન્તઃશ્રેય માટેનો જ પ્રશ્ન કરે છે ને ? શ્રીભાગવત અને તેમાંથી પ્રકટેલ આ પુષ્ટિભક્તિમાર્ગની એક વિલક્ષણતા છે. બંને જગ્યાએ મૂઢનો વિશેષ મહિમા બતાવ્યો છે. શ્રી ભાગવતમાં વેણુગીતમાં મૂઢ હરિણીઓ તથા ભગવાનનું પરસ્પર સ્નેહાવલોકન બતાવ્યું છે. ભગવાન આ હરિણીઓ આગળ વિચિત્ર વેષ (અનાવરણ) ધારણ કરે છે. શ્રી મહાપ્રભુજી પણ ‘મૂઢ’ માટે આજ્ઞા કરે છે. ‘‘મૂઢાઃ અપિ વૈષ્ણવાઃ એવ હિ વિષ્ણુગતિં જાનન્તિ । ન તુ અત્યન્ત નિપૂણાઃ અપિ અવૈષ્ણવાઃ ।।’’ અત્યંત જ્ઞાની હોય પણ વૈષ્ણવ ન હોય તો તે પ્રભુની લીલાને, પ્રભુને નથી જાણી શકતો. પણ ભલે મૂઢ હોય પણ વૈષ્ણવ હોય તો તે પ્રભુની લીલાને તથા પ્રભુને જાણે છે, માણે પણ છે.

મૂઢ જીવને ગૂઢ પ્રભુનું જ્ઞાન અને પ્રભુના

સ્વાનુભવરૂપ વિજ્ઞાન શ્રીગુસાંઈજી પ્રકટ ન થયા હોત તો કોણ કરાવત ? શ્રીગુસાંઈજીનું વિઠ્ઠલ નામ જ આનું સૂચક છે. વિદ્+ઠ+લ - જ્ઞાન શૂન્ય (વગરના) જીવોને કૃપા કરી પ્રભુનું જ્ઞાન કરાવે. સ્વરૂપનો અનુભવ કરાવે તે વિઠ્ઠલ. આવા શ્રીગુસાંઈજીનું પ્રાકટ્ય પણ સમર્થ શ્રીવલ્લભના ગૃહે થયું છે. ભૂમિ પર ભક્તિના પ્રચાર માટે પોતાના વંશ ને કરનાર પિતા શ્રીવલ્લભના તે પુત્ર છે. તેથી શ્રીવલ્લભે તેમના પુત્રમાં અશેષ માહાત્મ્ય પધરાવ્યું છે. તેથી શ્રીગુસાંઈજીમાં પણ સર્વસામર્થ્ય છે જ.

જીવ કાલ, કર્મ અને સ્વભાવથી પતિત પણ થયો. સૂરદાસજી, શ્રીમહાપ્રભુજીએ શરણે જાય છે ત્યારે ''હોં મૈં પતિતન કો ટીકો'' ગાય છે. સ્વદોષ સ્ફુર્તિ જરૂરી છે. તે પછી ફરી ફરી દોષો ન થાય તે પણ આવશ્યક જ છે. પણ જે જીવન પ્રભુ સેવા તથા ગુણાનુવાદ માટે છે તે જીવનમાં માત્ર સ્વદોષ ને જોઈને ગાયા કરીએ તો તેથી કંઈ સિદ્ધ થતું નથી. સ્વદોષ જોઈ, તેને ફરી ન આચરીએ અને શેષ જીવન પ્રભુસેવામાં સમર્પિત કરીએ તે જ આચાર્યચરણોના માર્ગની રીતો છે. આથી જ

શ્રીમહાપ્રભુજીએ સુરદાસજીનો કહ્યું, ''સૂર વ્હે કે ઘિઘયાતહો કછુ ભગવલ્લીલા ગાઓ.'' આજ રીતે આમારા જેવા પતિતોને ઘિઘયાતા રોકી અમારું શ્રેય સમજાવી તેની પ્રાપ્તિ કરાવી આપનાર શ્રીગુસાંઈજી પ્રકટ ન થયા હોત અમારા જેવા મૂઢ અને પતિતોનું શું થાત?

શ્રીમત્પ્રભુચરણો જીવને બે રીતે નિસ્તારે છે. (૧) જે જન શરણ આયે તે તારે. જે જીવ શરણે આવ્યો તેને ભવસાગરમાંથી પાર ઉતાર્યો. ''માધો ચરણ શરણ જો આયે તે ઉતરે ભવ પાર''. (૨) જે જન શરણ આય અનુસર હી ગ્રહી સોંપત શ્રી ગોવર્ધન નાથ. જે જીવ શરણે આવ્યો તેને માર્ગીય આચારોનું અનુસરણ કરાવ્યું અને ઈષ્ટ શ્રી ગોવર્ધનનાથજીને સોંપી દીધા. શ્રી મહાપ્રભુજી પણ ''અંગીકૃત્યૈવ ગોપીશ વલ્લભીકૃત માનવઃ'' જ છે. શ્રીગુસાંઈજીમાં પણ આજ અસાધારણ ધર્મ છે અને શ્રીગોવર્ધનનાથજીની તો આજ્ઞા છે જ કે, ''જે જીવને શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી મને સોંપશે તે જીવને હું છોડીશ નહીં. પછી જીવ ભલે ને મને ભૂલે! આથી મોટી અહૈતુકિ કૃપા કઈ હોય?''

કીર્તનની **પહેલી અને બીજી લીટીમાં** શ્રીગુસાંઈજીના નામ રત્નાખ્ય સ્તોત્રમ્‌ના શ્રીમાન્, વલ્લભનંદનઃ, શ્રીવિઠ્ઠલઃ, કૃપાસિંધુ અને મહાપતિત પાવનઃ નામો સ્ફુટ થતા લાગે છે.

ત્રીજી અને ચોથી પંક્તિ :

મૂઢ અને પતિત ને પણ ગોપીશના પ્રિય કરવા આપશ્રીએ અમને વ્રજપતિ પધરાવી આપ્યા. વ્રજપતિ તો શ્રીગુસાંઈજીનું સર્વસ્વ છે. વ્રજપતિના ચરણ કમલો અમારા શિરે પધરાવી આપ્યા. વ્રજપતિના છ ચરણો છે. (૧) આધિભૌતિક બે ચરણો - સત્સંગ અને શ્રી ભાગવત (૨) આધ્યાત્મિક બે ચરણો - જ્ઞાન અને ભક્તિ (૩) બિરાજતા અને પ્રકટ થયેલા પ્રભુના બે આધિદૈવિક ચરણો - દસમ સ્કંધમાં જન્મ પ્રકરણમાં દેવકીજી ભગવાનની સ્તુતિ કરતાં કહે છે કે આપના આ છ ચરણોમાંથી એક નો પણ આશ્રય થઈ જાય તો કાલભુજંગ જીવને કંઈ કરી શકતો નથી. પ્રભુના આધિદૈવિક બે ચરણોમાં મંગલ ચિહ્નો બિરાજે છે. દક્ષિણ (જમણા) ચરણમાં યવ, ઉર્ધ્વરેખા, અંકુશ,

કમલ, વજ્ર, ધ્વજ, અષ્ટકોણ, સ્વસ્તિક અને કળશ જેવા શુભ ચિહ્નો છે. વામ (ડાબા) ચરણમાં - ગોષ્પદ, જાંબુફલ, મત્સ્ય, ધનુષ્ય, ત્રિકોણ, અર્ધચંદ્ર અને વ્યોમ જેવા શુભ ચિહ્નો બિરાજે છે. આ સોળ ચિહ્નો જીવોના (પતિવ્રતા સૌભાગ્યવતીઓના) સૌભાગ્ય ચિહ્નો, શણગારો છે. જે થકી અમે સનાથ થયા.

અમારા શ્રીનાથની સ્નેહભરી સેવા અમને શીખવી. ''આપ સેવા કરી શીખવે શ્રીહરિ, ભક્તિ પક્ષ વૈભવ સુદૃઢ કીધો.'' આ સેવા પણ પાછી બે પ્રકારની છે. અવસરમાં - સન્મુખમાં રૂપ સેવા અને અનવસરમાં નામ સેવા. સેવા એટલે જ સ્વામીનું સુખ. શ્રીહરિરાયચરણો આજ્ઞા કરે છે - ''સાપેક્ષતા સ્વામી સુખે પુષ્ટિમાર્ગઃ સઃ કથ્યતે'' પુષ્ટિ જીવોનો તો સ્વધર્મ જ સર્વાત્મ ભાવથી વ્રજાધિપની સેવા જ છે.શ્રી મહાપ્રભુજી પુષ્ટિ પ્રવાહ મર્યાદામાં પુષ્ટિ જીવો માટે કહે છે, ''ભગવદ્રૂપ સેવાર્થં, તત્ સૃષ્ટિર્નાન્યથા ભવેત્''. ભગદ્રૂપ સેવનમાં સ્નેહ, આત્મિયતા, એકાગ્રતા, સાવધતા, સતતપણું, ઉષ્મા અને સ્વાર્થરહિત સ્વકીય ધર્મ હોય છે.

સેવાના અનવસરમાં શ્રીગિરિધર જે શ્રીરાધિકાજીના વર છે તેના ગુણાનુવાદ રસના (જીભ) દ્વારા કરવાના હોય છે. આ થઈ નામ સેવા. શ્રીહરિરાયચરણો જન્મવૈફલ્યનિરૂપણાષ્ટકમ્‌માં આજ્ઞા કરે છે. ''ના રાધિ રાધિકાનોથ વૃથા તજ્જન્મ ભૂતલે''. શ્રી ભગાવતમાં રાધસ્ એ ઠાકોરજીની એક શક્તિ છે તેવું વર્ણન છે. પ્રભુ આ શક્તિ સાથે સતત લીલા કરે છે. શ્રીગિરિધર અને શ્રીરાધાજી લીલાપરવશ છે - શ્રી રાધિકાજી તો નિત્યસિદ્ધા મુખ્ય સ્વામિનીજી છે. આપણા માર્ગમાં લીલા સહિત શ્રીકૃષ્ણમાં આસક્તિ કરવાની છે.

વૃથા સ્વાદ અને વૃક્ષાવાદ જીવને બહિર્મુખ કરે છે. આ બંને કામ રસનાથી જ થાય છે. શ્રી ઠાકોરજી અને શ્રી સ્વામિનીજી (રાધે કૃષ્ણ, રાધે કૃષ્ણ)ને રટતા રહેવાથી રસનાનો નિરોધ પ્રભુમાં થાય છે. સન્મુખમાં પ્રભુને ધરેલ સામગ્રી (સમર્પિત)થી જીવન ટકાવવું તથા અનવસરમાં જીભથી પ્રભુનું નામ લેવું. રસના ઈન્દ્રિયનો આજ વિનિયોગ છે. પ્રભુનામ વગરનું બોલવું (યથાર્થ જરૂર પુરતું તો વ્યવહારમાં થોડું બોલવું રહ્યું.) તે તો વૃથાલાપ

છે. શ્રી હરિરાય ચરણે આથી જ આજ્ઞા કરે છે, ‘‘ભોર ભયે ભાવસોં લે શ્રી વલ્લભ પ્રભુજીકો નામ, હે રસના તું ઓર વૃથા ક્યોં બકે નિકામ ? સેવા સ્વાદ પાયે ઈનહી કે ગુણ ગાવે.’’

રાધિકાવર કહેવાનું બીજું એક પ્રયોજન પણ છે. વ્રજની સ્ત્રીઓના જુદા જુદા ભાવોનું સમગ્રપણું (સમન્વય પણું) શ્રી રાધિકાજીમાં છે. આથી ગોપીજનોના ભાવથી પ્રભુની સેવા કરવાની છે.

આ બે પંક્તિઓમાં વ્રજપતિ પદપંકજ તથા શ્રીગિરિધરનું સ્મરણ કરાવી એવા પુષ્ટિજીવોને માટે આશ્વાસન છે જેઓ રૂપ સેવા નથી કરી શકતા. આ પ્રકારના પુષ્ટિમાર્ગીય અધિકારી જીવો માટે શ્રી મહાપ્રભુજીએ સ્વમાર્ગ અંતર્ગત શરણમાર્ગ પ્રકટ કર્યો છે. આપશ્રી ‘‘પૃથ્થકશરણ માર્ગોપદેષ્ટઃ’’ છે. શ્રી કૃષ્ણાચંદ્રજીએ આવો શરણમાર્ગ ગોવર્ધનધારણ લીલામાં બતાવ્યો. આપ વ્રજપતિ છે. શ્રીગિરિરાજને ધારણ કરનાર છે. શ્રીગિરિરાજને ધારણ કરતી વખતે કહે છે -

''તસ્માન્મચ્છરણ ગોષ્ઠં મન્નાથં મત્ પરિગ્રહમ્ ગોપાય સ્વાત્મયોગેન સોઽયં મે વ્રત આહિતઃ'' આ શરણ માર્ગ શ્રીકૃષ્ણચંદ્રે પોતાના બે ગૃહસ્થ સખાઓ, અર્જુન તથા ઉદ્ધવજીને ક્રમશઃ શ્રી ગીતામાં તથા શ્રી ભાગવતમાં કહ્યો છે. શ્રી મહાપ્રભુજીએ તે પ્રગટ કર્યો છે.

આમ શ્રીગુસાંઈજી પ્રકટ ન થયા હોત તો અમે વ્રજપતિની રૂપ સેવા કઈ રીતે કરત? રાધિકાવરનું નામ સ્મરણ કઈ રીતે કરત? શ્રીગિરિધર વગર કોનો આશ્રય કરત? શ્રીગુસાંઈજીના શ્રીકૃષ્ણ ભક્તિ પ્રવર્તકઃ, કૃષ્ણવર્ત્મ સમુદ્ભવઃ નામો સ્ફુટ થાય છે.

પાંચમી અને છઠ્ઠી પંક્તિ :

શ્રીગુસાંઈજીની કૃપાથી વ્રજપતિ પ્રાપ્ત થયા - જો આવું ન થયું હોત તો આપણા જેવા જીવોની શું પરિસ્થિતિ થાત? આપણે કોની પૂજા કરતા હોત? તે વિચાર અહીં કહે છે.

મર્યાદા ભક્તિમાં શિવજી, ઈંદ્ર, સૂર્ય, ગણપતિ જેવા દેવોના પૂજન-અર્ચન થાય છે. પુષ્ટિ અધિકારવાળા જીવો

પણ આજુબાજુ થતી આ બધા દેવોની પૂજા-અર્ચના કરતા થઈ ગયા હોત. મર્યાદા તો સકામ ભક્તિ છે. ભોગો જોઈએ છે ? શિવનો ભજો. ''ભોગઃ શિવેન્'' શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે ઐશ્વર્ય જોઈએ છે ? ઈંદ્રને પૂજો. જ્ઞાન અને બુદ્ધિ જોઈએ છે ? સૂર્યને નમો - વિઘ્નો દૂર કરવા છે ? ગણેશજીનું સ્થાપન કરો. આ બધા દેવોના આભાર વશ થઈ આપણે જીવતા હોત. આપણાને જોઈતા ભોગો, ઐશ્વર્ય, બુદ્ધિ, રિદ્ધિ-સિદ્ધિ આ બધા દેવોને નહીં ભજીએ તો નહીં મળે તેથી આપણે તેમનાથી ડરીને રહેતા હોત. આ ડર અને ભયથી આપણાને તે દેવોમાં પ્રીતિ કરવી પડી હોત.

હવે વાસ્તવિક્તાઓ શું છે ? તે વિચારીએ.

બ્રહ્માજીએ પણ ત્રણવાર વેદોનું અધ્યયન કરી કૃષ્ણ અને કૃષ્ણભક્તિને મોટી ગણી છે. દયારામભાઈ પણ 'ભક્તિપોષણ'માં આજ કહે છે વેદ અને શાસ્ત્રોનો બહુવિચાર કર્યો અને અર્થ શોધ્યો તો સાર એ જણાયો, ''નીકળ્યો સાર શ્રીકૃષ્ણની ભક્તિ, સત્સંગમાં કરવી

આસક્તિ, શ્રી પૂર્ણપુરુષોત્તમને યુગ-ચરણે, સર્વ સમર્પીને રહેવું શરણે...''

શ્રીમદ્ ગીતામાં કૃષ્ણે કહ્યું, ''હે અર્જુન ! તું મારામાં મનવાળો થા. મારું યજન કરનારો - મારો ભક્ત - મારો શરણસ્થ થા. મને જ નમન કર બધા ધર્મોનો ત્યાગ કરી મને એકને જ શરણે આવ.''

શ્રીકૃષ્ણ સર્વાધીશ છે. સહુ તેને વંદે છે. દયારામભાઈ કહે છે આ પુરુષોત્તમ તો ''શેષ-મહેશ-વિધિ-શ્રી-અગમ્ય'' - શેષ, શંકર, બ્રહ્મા, લક્ષ્મીજી પણ આ તત્ત્વને યથાર્થ નથી જાણતા. આથી જ આ પમરતત્ત્વ શ્રીગુસાંઈજી દ્વારા પ્રાપ્ત ન થાત તો આપણે ઉપર ગણેલા દેવોથી ડરતા હોત. તેમને જ મહાન માની તેમના પગે આપણા સ્વાર્થ ખાતર પડતા હોત.

સાતમી અને આઠમી પંક્તિ :

વ્રજાધિપની પ્રાપ્તિ શ્રીગુસાંઈજી દ્વારા ન થાત તો આપણે અન્ય દેવોમાં મોહ પામત. મોહવશ આપણે ભિખારીની જેમ પાત્ર લઈ જુદા જુદા દેવોના દ્વારે ભીખ

માંગતાં ભટકતા હોત. અન્ય લોકો આ રીતે જ કરે છે. તેજ અસર આપણા પર પણ થઈ હોત. આપણે પણ આસપાસના વહેતા પ્રવાહમાં તણાઈને કર્મ, યોગ, જ્ઞાન અને ઉપાસના જેવા રસહીન માર્ગો અપનાવી લીધા હોત. ક્લેષને પામ્યા હોત. શ્રી હરિરાય ચરણો આવા જીવોને એ જ સમજાવે છે, ''કાહે કો દેહ દમત, સાધન કર મુરખ જન.''

દયારામભાઈ પણ અન્ય દેવોના આરાધન અને અન્ય સાધનોને માટે સરખામણી કરે છે, ''શ્રી પુરુષોત્તમને પરહરી જેનું અન્ય અમરે મન મોહે, કામદુધા મળી મૂકીને, મહિષી પુત્રનું પય દોહે. દોહે ગાય મૂકી મૂઢ પાડો, તરસ્યો ગંગા-તીરે ખોદે ખાડો;''

પુષ્ટિમાર્ગમાં હરિ હીરો છે. તેનું જ આરાધન સર્વશ્રેષ્ઠ છે. આ હીરો જો પ્રાપ્ત ન થયો હતો તો અન્ય દેવોનું આરાધન કેવું ગણાત? દયારામભાઈ કહે છે, ''કોડી ઉપાસન મલિનનું, જનનું તામ્ર મુદ્રા સમ જાણો, રૂપૈયો સુર-સેવના, વ્યૂહ કંચન મહોર પ્રમાણો. કંચન

મહોર વ્યૂહ, હરિ હીરો, એમ અંશ અંશી સમઝી રહો, સર્વ એ દ્રવ્ય હીરાથી થાય, હીરો કોઈએ કર્યો નવ કહેવાય...''

આથી જ આપણા માટે સારું થયું કે શ્રીગુસાંઈજી પ્રકટ્યા. નહીં તો આપણે રેતી ને ઘાણીમાં પીલીને તેલ કાઢવાનો, જળને વલોવી માખણ કાઢવાનો અને મૃગજળથી તરસ છિપાવવાનો નિરર્થક શ્રમ જ કરતા હોત.

નવમી અને દસમી પંક્તિ :

આ પદના રચયિતા નારાયણ દાસ છે. શ્રી ગુસાંઈજીના ૨૫૨ સેવકોમાં પ્રાયઃ બે નારાયણદાસના ચરિત્રો મળે છે. એક દિવાન હતા તે. બીજા પાંડે. મારી અલ્પમતિ અને જીવ બુદ્ધિથી મને એમ લાગે છે કે આ પદમાં વ્યક્ત થયેલી ભાવના કરનાર નારાયણ દાસ પાંડે હોવા જોઈએ. તેમની વાર્તામાંથી મને આ માટે મળતા પ્રમાણો –

૧. તે નિત્ય લીલામાં સાત્વિક ભક્ત છે. જ્ઞાન, સત્ત્વથી થાય. શ્રીગુસાંઈજી વિષેનું આવું યથાર્થ જ્ઞાન આથી તેમને થયું છે.

૨. નિત્યલીલામાં પણ નામ 'નારાયણી' છે.

૩. ભૂતળમાં કુટુંબ સંબંધ સદુપાંડેના કુટુંબ સાથે છે.

૪. આન્યોરમાં શ્રીગુસાંઈજીના પ્રથમ દર્શને જ શ્રીપૂર્ણપુરુષોત્તમના દર્શન થયા. તરત શ્રીગુસાંઈજીના શરણે ગયા. દીક્ષા પ્રાપ્ત કરી.

૫. શ્રી ગિરિરાજની તળેટીમાં શ્રીગુસાંઈજીની બેઠકમાં આપે નારાયણદાસને મહાપ્રસાદ લેવડાવ્યો.

૬. શ્રી ગોકુળ નારાયણદાસને સાથે શ્રી ગુસાંઈજી લઈ ગયા. અહીં પણ મહાપ્રસાદ લેવડાવ્યો.

૭. શ્રીગુસાંઈજી તનિક વિશ્રામ કરતા ત્યારે ઊભા રહી પંખાની સેવા આજીવન કરી - ગોકુળ જીવનના અંત સુધી ન છોડયું. શ્રીગુસાંઈજીની ખૂબ પ્રસન્નતા પ્રાપ્ત કરી. આનાથી તો શ્રી નવનીતપ્રિયજી પણ નારાયણદાસ પાંડેને અનુભવ જતાવવા લાગ્યા.

૮. શ્રી હરિરાય ચરણો આ વાર્તાના ભાવ પ્રકાશમાં સમજાવે છે, ''યા વાર્તા મેં ગુરુ કે આશ્રય કો સ્વરૂપ

દિખાયે । જો વૈષ્ણવ કોં યા પ્રકાર ગુરુ કો આશ્રય દૃઢ હોઈ તો શ્રીઠાકુરજી આપહી તેં અનુભવ જતાવે।

મારું આ પદના રચિયતા વિષેનું અનુમાન ખોટું પણ સંભવી શકે છે. તે માટે અષ્ટસખા તથા આપ સૌની ક્ષમા પણ યાચી લઉં છું.

નારાયણદાસને શ્રીગુસાંઈજીમાં પૂર્ણ ભરોસો છે. તેથી એ માને છે કે ભલેને હું પતિત રહ્યો. તેથી શું ? આપ તો મહાપતિતપાવનઃ છે. આપશ્રીનું આ બિરૂદ છે. સર્વોદ્ધારક શ્રીનંદનંદન આજે ભક્તોદ્ધારક શ્રીવલ્લભનંદન સ્વરૂપે ફરી અવતાર લઈ પધાર્યા છે. મારો જરૂર ઉદ્ધાર કરશે. આવા શ્રીગુસાંઈજીનું રુચિર સ્વરૂપ છે. આ સ્વરૂપ જ પોતાનામાં મારી રુચિ કરાવે તેવું છે. રુચિર શબ્દની શરૂઆત જ રુ થી છે જે જ્ઞાન અને પ્રકાશ વાચક છે. આ રુચિર શબ્દ જાણે કે પરબ્રહ્મના ચિદ્ , સદ્ અને આનંદ રૂપને વ્યક્ત કરતો લાગે છે. આવા સ્વરૂપનું પાન કરતાં કરતાં તૃષિત નયન ધરાતા જ નથી. કારણ શ્રીગુસાંઈજી જેવા મીત ની પ્રીત માટે તો અસંખ્ય જન્મો ભટક્યા. હવે

તે પ્રાપ્ત થયા પછી ધરાય કઈ રીતે ? નયન તે સિવાય સ્થિર કઈ રીતે રહી શકે ? નયનો વિષય જ શ્રીગુસાંઈજી હોય, કામ પુરુષાર્થ શ્રીગુસાંઈજી દિદૃક્ષા હોય, શ્રીગુસાંઈજી જ મારા નેત્રનું ભૂષણ હોય પછી શું થાય ?

શ્રીગુસાંઈજી, શ્રીઆચાર્યચરણનું પ્રાકટ્ય ન થાત તો કેવી પરિસ્થિતિ સર્જાત એનું વર્ણન શ્રીવલ્લભાષ્ટક સ્તોત્રમાં કરે છે.

હે મહાપ્રભુ ! જો આપ પ્રકટ ન થયા હોત તો દૈવીસૃષ્ટિમાં જન્મ્યા હોવા છતાં પુષ્ટિજીવો કોઈ પણ રીતે શ્રીકૃષ્ણને મેળવી શક્યા ન હોત અને આમ આ પુષ્ટિજીવોની સૃષ્ટિ કૃષ્ણ સેવા રૂપી ફળની પ્રાપ્તિ વિના નકામી થઈ જાત કારણ કે, શિવજીના અવતાર દ્વારા પ્રવર્તાવેલા અસન્માર્ગોમાં ભ્રમિત થઈને વેદમાર્ગ પર ચાલનારા જીવો સાચા ભક્તિમાર્ગને જોવા સમર્થ ન થાત.

બસ, અક્ષરશઃ આજ ભાવની વિજ્ઞપ્તિ નારાયણદાસ આ વધાઈમાં શ્રીમત્પ્રભુચરણો, શ્રીવલ્લભનંદન, શ્રીગુસાંઈજીને કરતા જણાય છે. આવા આ સ્વામી સેવકને મારા કોટિ કોટિ વંદન...

।। જયશ્રીકૃષ્ણ ।।

સ્વ. અ.સૌ. પારૂલબેન કિશોરભાઈ શાહ

શ્રી કિશોરભાઈ એમ. શાહ

પીયૂષ કિશોરભાઈ શાહ	**ભાવિકા પીયૂષ શાહ**
મિતુલ કિશોરભાઈ શાહ	**પ્રિયંકા મિતુલ શાહ**

આરવ પીયૂષ શાહ

૧૨૦, પ્રિતમ સોસાયટી-૨, ભરૂચ.

સ્વ. ઈન્દ્રવદન લલ્લુભાઈ શાહ

સ્વ. જડાવબેન ઈન્દ્રવદન શાહ

તથા પરિવારના

।। જયશ્રીકૃષ્ણ ।।

।। જયશ્રીકૃષ્ણ ।।

ગં. સ્વ. કલાવતીબેન ચંદુલાલ નારીએલવાલા

શ્રી હસવંતભાઈ ચંદુલાલ શાહ

શ્રીમતી પ્રમોદાબેન એચ. શાહ

તથા

શાહ અને નારીએલવાલા પરિવાર

|| જયશ્રીકૃષ્ણ ||

સ્વ. દિલીપભાઈ શાંતિલાલ અકુવાલા

ગં.સ્વ. પ્રતિભાબેન ડી. અકુવાલા

ચિ. કર્દમ ડી. અકુવાલા **ચિ. કીર્તન ડી. અકુવાલા**
સૌ. પારૂલ કર્દમ અકુવાલા
ચિ. દિપક કર્દમ અકુવાલા

સ્વ. રતિલાલ મણીલાલ શાહ

ગં.સ્વ. મધુકાન્તા રતિલાલ શાહ

અ.સૌ. ઉષા રાજેન શાહ

૧૦, રચના પાર્ક સોસાયટી, ભરૂચ

इन सब महत्त्वपूर्ण कार्यों के लिये अपनी भूमिका निभाने हेतु अन्तर्राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद् हमेशा तैयार थी, तैयार है और भविष्य में भी तैयार रहेगी । यह प्रत्येक पुष्टिमार्गीय वैष्णव की अपनी संस्था है, उनका अपना संगठन है । आप पुष्टिमार्गीय वैष्णव हैं । जगद्गुरु श्रीमद्वल्लभाचार्यजी के दिव्य सिद्धान्तों, सेवा-प्रणाली तथा जीवन-पद्धति को गहराई से समझने और अपने-अपने परिवार के सदस्यों को समझाने और उसका परिपालन करने के लिये आप भी इस केन्द्रीय संगठन से जुड़े हैं । परिषद् युगनिर्माणकारी कार्यक्रम चला रही है । इसमें आपका भी हार्दिक स्वागत है । आइये अपनी प्रतिभा, अपनी योग्यता और अपने सभी साधनों द्वारा वैष्णव समाज को उन्नत बनाने में पूरा-पूरा सहयोग दीजिये ।

किसी की चार दिन की जिन्दगी, सौ काम करती है ।
किसी की सौ वर्ष की जिन्दगी कुछ काम नहीं करती ।।

साभार -
अंतर्राष्ट्रीय पुष्टिमार्गीय वैष्णव परिषद्
केन्द्रीय कार्यकारिणी
वर्ष २००९-२०११
परिचय-पुस्तिका

।। श्री हरिः ।।

परिषद् क्यों?

आज जनतन्त्र का युग है । जनतंत्र में संगठित आवाज को ही सुना जाता है। किसी सम्प्रदाय या समाज की उन्नति के लिये यह आवश्यक है कि उसके सदस्यों में विचारों का पारस्परिक आदान-प्रदान होता रहे और समस्याओं को हल करने के लिए संगठित प्रयास हो । संगठन के अभाव में उनकी सर्वथा उचित माँगो पर भी कोई ध्यान नहीं देता ।

महाप्रभु श्रीमद् वल्लभाचार्यजी के अनुयायी पुष्टिमार्गीय वैष्णवों को भी संगठन के सूत्र में बाँधना युग की माँग है। यदि श्री महाप्रभुजी के मानव कल्याणकारी संदेश को जन-जन तक पहुँचाना है तो उनके साहित्य के संरक्षण और लोक भाषा में उसके प्रकाशन के लिये योजनाबद्ध कार्य करना होगा । यह विराट कार्य एक व्यवस्थित संगठन द्वारा ही संभव है । यह कार्य पुष्टिमार्गीय वैष्णव परिषद् को करना है ।

पुष्टिमार्गीय परम्पराओं और मर्यादाओं पर पूज्य गोस्वामी बालकों और मंदिरों की व्यवस्थाओं पर तथा हमारे आचार विचारों पर अनेक प्रकार के निराधार आरोप और आक्षेप समय-समय पर लगाये जाते रहे हैं । इससे हमारे सम्बन्ध में गलत धारणाएँ बनती हैं । उसका प्रतिकार करने के लिये भी वैष्णवों का उचित संगठन होना नितान्त आवश्यक है ।

नई पीढ़ी को वैष्णव संस्कारों और धार्मिक शिक्षा की नितांत आवश्यकता है । उसके लिये व्यवस्थित रूप से संस्कार शिविरों, पाठशालाओं, धार्मिक पुस्तकों आदि की आवश्यकता है। यह महान् कार्य को केवल सुदृढ़ केन्द्रीय संगठन ही कर सकता है। समाज में अनेक प्रकार की बुराईयाँ व्याप्त हैं । उन्हें केवल और केवल सत्साहित्य, सत्संग और सत्प्रयासों से ही दूर किया जा सकता है।

(शेष अंदर के पन्ने पर)